મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G T NEWS ગરવી તાકાત LIVE

૨૦-૦૫-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## વિસનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ભૂમિપૂજન : ખાતમુહૂર્ત : લોકાર્પણ કરાયું

# તામ્રનગરી એવી વિસનગરના વિકાસ માટે સરકાર દ્વારા હકારાત્મક વલણ રાખી અહીંયા વિકાસની વણથંભી વિકાસ યાત્રા આદરી છે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિક દેવો ભવઃ,જનતા જનાર્દન મંત્ર અપનાવી લોકોના સર્વગ્રાહી સશકિતકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂર દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આંતકવાદને જડમુળથી નાબૂદ કરવામાં આવશે**

**વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા નવ સંકલ્પો થકી @2047 ને ચરિતાર્થ કરીએ**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સ્વપ્રમાં મજબૂત રાષ્ટ્રના નિર્માણની સાથે ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપ્યું છે**










(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

અવિરત વિકાસના પંથે તામ્રનગરી વિસનગરના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની રાજનીતિને અવિરત આગળ વધારવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે. ત્રણ દિવસમાં ગુજરાતમાં ૨૮૦૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ થયું છે. પ્રજાની સુખાકારી માટે આવા વિકાસકામો થતા હોય ત્યારે પ્રજાએ પણ તેમાં સહભાગી બનવું જોઈએ. પેહલા લોકો સરકાર પાસે વિકાસનું કામ માગતા સંકોચ અનુભવતા હતા. આજે કરોડ રૂપિયાનું કામ માગવામાં આવે છે. અને એ કામ થાય છે, સરકાર અને પ્રજા વચ્ચે આવું વિશ્વાસ સંપાદનનું કામ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે.

વધુમાં તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓપરેશન સિંદૂર દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, આંતકવાદને જડમુળથી નાબૂદ કરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની સફળતા બદલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ઈન્ડિયન આર્મીને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક દેવો ભવઃ, જનતા જનાર્દન મંત્ર અપનાવી લોકના સર્વગ્રાહી સશકિતકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. વિકાસના કામો માટે નાણાંની કોઈ તંગી ન રહે એ પ્રકારનું આયોજન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયું છે.

વિકાસકામો અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ૧૦૨૦ કરોડના ×ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર× પ્રૉજેક્ટને પ્રોત્સાહન આપ્યુ છે. વિસનગરમાં પણ ૨૧૦ કરોડના ખર્ચે બાયપાસ રોડનું નિર્માણ થવાનું છે. ગુજરાતના છેવાડાના ગામો સુધી રોડ, રસ્તા, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પહેલાના સમયમાં ગુજરાતમાં ૧૩૭૫ મેડિકલ સીટો હતી, હાલમાં દર વર્ષે ૭૦૦૦ ડોક્ટર્સ તૈયાર થાય છે. ગામડામાં આરોગ્યની સુખાકારી માટે તાલુકા લેવલે સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ અપગ્રેડ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટીબી નિર્મૂલન પર ખાસ ભાર મૂક્યો છે. ટીબીના દર્દીઓ માટે નિક્ષય યોજના શરૂ કરી ટીબીના દર્દીઓને સારવાર આપવાનું, પોષણ કીટ આપવાનું સંવેદનાત્મક દાયિત્વ નિભાવવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે આપણે દેશની આઝાદીમાં યોગદાન આપી શક્યા નથી, તો વર્ષ ૨૦૪૭માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ આપેલા નવ સંકલ્પો જળસંચય, ગ્રીન કવર, સ્વચ્છતા, લોકલ ફોર વોકલ, દેશ દર્શન, પ્રાકૃતિક ખેતી અપનાવવી, તંદુરસ્ત જીવનશૈલી અપનાવવી, યોગ રમતને જીવનમાં સ્થાન આપવું અને ગરીબોની મદદ કરવા અનુરોધ કર્યો હતો.

અવિરત વિકાસના પંથે પગ માંડતી તામ્રનગરી વિસનગર એપીએમસી ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે સિવિલ હોસ્પિટલ વિસનગર, તાલુકા પંચાયત તથા વિસનગર નગરપાલિકાની નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ સહિત રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૪૨૩ કરોડથી વધુના ૭૬ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૭૨ કરોડથી વધુના ૧૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ જણાવ્યું હતું કે, તામ્રની આગવી ઓળખ ધરાવતા વિસનગર વણથંભી વિકાસયાત્રાની દિશામાં આગળ વધી રહ્યું છે.

વિસનગરના નાગરિકોને પીવાનું પાણી, રોડ રસ્તા, શિક્ષણ, લાઈબ્રેરી, સેમિનાર હોલ, કોમ્યુનિટી હોલ, શાળાના ઓરડા, ઓવરબ્રિજ જેવી માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટે સરકાર દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તામ્રનગરી એવી વિસનગરના વિકાસ માટે સરકાર દ્વારા હકારાત્મક વલણ રાખી અહીંયા વિકાસની વણથંભી વિકાસ યાત્રા આદરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણ-આરોગ્ય-પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ સહિત વિવિધ વિકાસ કામોના ભૂમિપૂજનઃ ખાતમુર્હુતઃ લોકાર્પણ અંતર્ગત વિસનગર નગરપાલિકા દ્વારા રૂપિયા ૧૮.૮૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂપિયા ૧૦.૧૨ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેમજ માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને રાજ્ય દ્વારા રૂપિયા ૪૦૭ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અવિરત વિકાસના પંથે તામ્રનગરી વિસનગર ખાતેના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ ,સાંસદ હરિભાઈ પટેલ, સાંસદ ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સવેશ્રી મુકેશભાઈ પટેલ, સી.જે.ચાવડા, સરદારભાઈ ચૌધરી, કિરીટભાઈ પટેલ, સુખાજી ઠાકોર, કે. કે. પટેલ,દૂધ સાગર ડેરી ચેરમેન અશોકભાઈ ચૌધરી, જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિ,જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જૈસમીન,નિવાસી અધિક કલેકટર જે.કે. જેગોડા, અગ્રણી રજનીભાઈ પટેલ, સુશ્રી વર્ષાબેન દોશી, મહેન્દ્ર પટેલ, ગિરીશભાઈ રાજગોર, પ્રાંત અધિકારી વિસનગર, વિસનગર તાલુકા અને પાલિકાના, પ્રમુખશ્રીઓ,પદાધિકારીઓ/અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો, વિસનગર સહિત જિલ્લામાંથી મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### વારંવાર રજૂઆત કરતાં છતાં માર્કેટના માલિકો દ્વારા જર્જરીત ભાગ દૂર કરાતો નથી

## મહેસાણા વર્ષો જુના જનતા સુપર માર્કેટની જર્જરીત દિવાલ તૂટી પડી, સદનસીબે મોટી જાનહાની ટળી




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વારંવાર રજૂઆત કરવા છતાં જનતા સુપર માર્કેટના માલિકો દ્વારા માર્કેટ નો જર્જરિત ભાગ હટાવતા નથી, અને કોઈ મોટી જાનહાની થઈ કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તેની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

ગઈકાલે જ માર્કેટમાં ત્રીજા માળ ની જર્જરિત દિવાલ નીચે પડી સદ નસીબે નીચે કોઈ હતું નહીં તેથી મોટી જાનહાની થતા બચી ગઈ, વારંવાર સમય અંતરે આવા મોટા મોટા પોળા પડે છે અને એક બે વાર તો માર્કેટમાં આવતા ગ્રાહકોને પણ ઈજાઓ થઈ છે, આની જાણ જનતા સુપર માર્કેટના પ્રમુખ શ્રી કિર્તીસિંહ રાઠોડ, મંત્રી શ્રી કલ્પેશભાઈ ચૌધરી તેમજ કારોબારી સભ્યો દ્વારા માર્કેટના માલિકો, જિલ્લા કલેકટર સાહેબ શ્રી, તેમજ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી ને પણ આવેદન આપી વિનંતી કરી છે કે માલિકો ને કહી આનો કંઈક નિકાલ લાવે, માર્કેટના ત્રીજા માળે હોલ્ડિંગ્સ ઉપરનું કાપડ તો હટાવી દીધું પણ તેનું સ્ટ્રક્ચર હજુ પણ એમને એમ ઊભું છે તે આ વાવાઝોડામાં નીચે પડે તેમ છે અને ગોપી સિનેમા ના રોડ ઉપર પડે તો મોટી જાનહાની થાય તેવું બની શકે તેમ છે તેની રજૂઆત પણ અમે મહાનગરપાલિકામાં કરી છે, તો પણ હજુ સુધી સ્ટ્રક્ચર ઉતારેલ નથી,

---

### પોલીસ સ્ટેશનમાં હુમલા અંગે ફરિયાદ નોંધાઈ

## સતલાસણાના ભાલુસણામાં ખેતરના કુવા પર યુવક ઉપર બે શખ્સોએ હુમલો કર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

સતલાસણા તાલુકાના ભાલુસણા ગામમાં એક ગંભીર ઘટના સામે આવી છે. ઉમરેયા રોડ પર આવેલા એક ખેતરના કૂવા પર બે શખ્સોએ હુમલો કર્યો હતો. આ ઘટના અંગે સતલાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદી કાનજીભાઈ ભેમાભાઈ, જેઓ ભાલુસણા ગામના ચૌધરી વાસમાં રહે છે, તેમણે જણાવ્યું કે ભાલુસણાના ચૌહાણ ભાવેશસિંહ દલપતસિંહ અને શેષપુરાના ચૌધરી મનિષ મહેશભાઈ સાંજના સમયે તેમના ખેતરના કૂવા પર આવ્યા હતા.



આરોપીઓએ ફરિયાદીના પુત્રને અપશબ્દો બોલીને માર માર્યો હતો. જ્યારે ચૌધરી નરસંગભાઈ રામજીભાઈ વચ્ચે પડ્યા, ત્યારે બંને શખ્સોએ તેમની સાથે ઝપાઝપી કરી હતી. આ દરમિયાન તેમના ગળામાં પહેરેલી સોનાની ચેઈનનું પેન્ડલ અને આંકડો તોડી નાખ્યા હતા. આરોપીઓએ ઉશ્કેરાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

---

### પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે આઠ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી

## મહેસાણા તાલુકાના વડસ્મા ગામમાં રિક્ષા મામલે બે જુથો વચ્ચે હિંસક ઘર્ષણ સર્જાયું : સામ સામે ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા તાલુકાના વડસ્મા ગામમાં રિક્ષા વિવાદે બે જૂથો વચ્ચે હિંસક ઘર્ષણ સર્જાયું છે. પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે કુલ ૮ શખ્સો સામે ગુનો નોંધ્યો છે.



પ્રથમ ફરિયાદી ગણપતભાઈ વાહજીભાઈ રાવળ (૪૫)ના જણાવ્યા મુજબ, ગામના રાવળ અજય રાજુભાઈ, રાવળ રાજુ છનાભાઈ અને આંબલિયાસણના ઠાકોર નિખિલજી રમેશજી રિક્ષામાં આવ્યા હતા. રાજુ છનાભાઈએ તેમના દીકરાને હેરાન કરવાનો આરોપ મૂકી અપશબ્દો બોલ્યા હતા. ત્યારબાદ લાકડાના ધોકા વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા.

સામા પક્ષે રાજુભાઈ છનાભાઈ રાવળ (૩૬)એ ફરિયાદ નોંધાવી હતી. તેમના દીકરાને રિક્ષા લઈને જતા અટકાવી અજીત અમરતભાઈ રાવળે લાફો મારી દીધો હતો. આ વાતની જાણ થતાં ફરિયાદી અને તેમનો પુત્ર ઠપકો આપવા ગયા હતા. ત્યારે અજીત અમરતભાઈ, વાહજી ખોડાભાઈ, ગણપત વાહજીભાઈ, પિન્ટુ કાળાભાઈ અને જીજ્ઞેશ કાળાભાઈએ ઉશ્કેરાઈને લાકડી-ધોકા વડે હુમલો કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી. લાંઘણજ પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે આઠ શખ્સો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

---

## વડનગર મ્યુઝિયમમાં મહિલા કર્મીઓની છેડતી મામલે નગરસેવકોની ગુનેગારો સામે કાર્યવાહી કરવા માંગ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વડનગર આર્કિયોલોજીકલ એક્સપિરિયલ મ્યુઝિયમમાં મહિલા કર્મચારીઓની છેડતીનો ગંભીર મામલો સામે આવ્યો છે. મ્યુઝિયમમાં કાર્યરત કેટલાક કર્મચારીઓએ મહિલા સ્ટાફ સાથે છેડતી કરી અને અન્ય મહિલા કર્મચારીઓ પાસે અયોગ્ય માગણીઓ કરી હતી. આ મામલે ક્યુરેટરે બે કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કર્યા હતા.

બરતરફ કરાયેલા કર્મચારીઓ ઉચ્ચ સ્તરે ઓળખાણ ધરાવતા હોવાનું જણાવી નોકરી પર પરત આવવા દબાણ કરી રહ્યા છે. આ મુદ્દે અમરથોળ વિસ્તારના બે મહિલા અને એક પુરુષ નગરસેવક રજૂઆત કરવા આવ્યા હતા. સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

ગાંધીનગરથી આવેલા અધિકારી પંકજ શર્માએ નગરસેવકોનું લેખિત આવેદન સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આ વર્તનથી નગરસેવકોમાં રોષ ફેલાયો છે. તેમનું માનવું છે કે પંકજ શર્મા આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

નગરસેવકોએ ચેતવણી આપી છે કે જો આરોપી કર્મચારીઓને પુન? નોકરી પર લેવામાં આવશે તો તેઓ મુખ્યમંત્રી અને વડાપ્રધાન સુધી રજૂઆત કરશે. તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે જો મહિલા કર્મચારીઓની સલામતી જ જોખમમાં હોય તો મ્યુઝિયમમાં આવતા પર્યટકોની સુરક્ષા પણ શંકાસ્પદ બની જાય છે.




# ચીનની પોલ ખૂલી

ભારત સાથે સૈન્ય ટકરાવમાં પોતાના જૂના મિત્ર પાકિસ્તાન ધોબીપછાડ ખાવાથી ચીન કેટલી હદે ગિન્નાયું છે, તેની ખબર એનાથી પડે છે કે તેણે અરુણાચલના ૨૭ સ્થળોને ચીની નામ આપી દીધાં. તેમાં આવાસીય ક્ષેત્રોની સાથે પહાડ અને નદીઓ પણ છે. એ ધ્યાન રહે કે અરુણાચલને તે પહેલાં જ ચીની નામ આપી ચૂક્યું છે. શું એ હાસ્યાસ્પદ નથી કે પહેલાં તો તેણે અરુણાચલને ચીની નામ આપ્યું અને પછી તેના અલગ-અલગ ક્ષેત્રોનું નવું નામકરણ કરી રહ્યું છે? સ્પષ્ટ છેકે તે ખીજ મિટાવવા માટે પોતાની બાલિશ હરકતોથી ભારતને ઉશ્કેરવા માગે છે. તે એવી હરકતો પહેલાં પણ કરતું રહ્યું છે. કદાચ તેને એવો ભ્રમ થઈ ગયો છે કે અરુણાચલના એક સાથે ૨૭ સ્થળોને ચીની નામ આપવાથી ભારત દબાણમાં આવી જશે. એવું તો બિલકુલ નથી થવાનું અને ઉપરથી ભારતે એ નિષ્કર્ષ પર પહોંચવામાં આસાની રહેશે કે તે એટલું જ દગાબાજ છે જેટલું પાકિસ્તાન. ચીને પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરના તાપથી બચાવવા માટે હરસંભવ કોશિશ કરી, પરંતુ તે નિષ્ફળ રહ્યું. બીજા દરજ્જાના ચીની હથિયારો પાકિસ્તાન માટે મુસીબત બની ગયાં અને તે એટલું અસહાય થઈ ગયું કે તેણે અમેરિકાને અરજ કરવી પડી.

ચીન એટલા માટે વધારે ગિન્નાયું છે, કારણ કે ભારતે તેની એર ડિફેન્સ સિસ્ટમ, ડ્રોન, મિસાઈલ વગેરેની એટલી હદે પોલ ખોલી નાખી કે હવે તેના માટે દુનિયાના ગરીબ દેશોને પોતાનાં હથિયાર વેચવાં મુશ્કેલ થશે. પાકિસ્તાને જે ચીની મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, તેને ભારતે નિષ્ફળ બનાવી દીધી. તેના પરિણામે આ મિસાઈલનું નિર્માણ કરનારી ચીની કંપનીના શેર ગગડી ગયા. ભારતીય સેનાએ પાકિસ્તાનની સાથે જ ચીન પર પણ ભારે આઘાત કર્યો છે, તેથી તેને સૂઝી નથી રહ્યું કે તે પોતાની ખીજ કેવી રીતે દૂર કરે. એ ઠીક છે કે ભારતે ચીનની હરકત પર એવો જવાબ આપ્યો કે તેનાથી સચ્ચાઈ બદલાવાની નથી, પરંતુ તેના વિરુદ્ધ બીજું કશું પણ કરવું પડશે. દાખલા તરીકે દક્ષિણ ચીન સાગરને દક્ષિણ પૂર્વ એશિયા સાગર કહેવો પડશે. ભારતે વન ચાઈના સાથે પોતાની તિબેટ નીતિ પર પણ નવેસરથી વિચાર કરવો પડશે. તેનાથી પણ જરૂરી વાત એ છે કે ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઘટાડવી પડશે. એ અફસોસની વાત છે કે મેક ઈન ઈન્ડિયા અભિયાન અને ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલ બાદ પણ ચીની આયાતમાં ઘટાડો કેમ નથી કરી શકાતો? એવું કેમ નથી થઈ રહયું, એના પર સરકારની સાથે આપણા ઉદ્યોગ જગતે પણ ગંભીરતાથી વિચારવું પડશે. કારણ કે વિશ્વના અનેક દેશો કોવિડ મહામારી બાદથી જ ચીન પ્લસ વન નીતિને ઉત્તેજન આપી રહ્યા છે. તે અંતર્ગત તેઓ ચીન પર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ના જોડશો...ડેલિગેશન મુદ્દે પવારની રાઉતને સલાહ

મુંબઈ,તા.૧૯

ઓપરેશન સિંદૂરની સફળતાની ગાથા વિશ્વ સમક્ષ રજૂ કરવા તેમજ પાકિસ્તાનનો પર્દાફાશ કરવા કેન્દ્ર સરકારે ૩૨ દેશોમાં જુદા-જુદા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાની કવાયતની ટીકા કરતાં સંજય રાઉતને એનસીપી અધ્યક્ષ શરદ પવારે સલાહ આપી છે. પવારે સંજય રાઉતને સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ન જોડવા અપીલ કરી છે.

આ પ્રતિનિધિમંડળમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો, પૂર્વ મંત્રી અને રાજદૂત સામેલ છે. એનસીપી અધ્યક્ષ શરદ પવારે સરકારના આ નિર્ણયને આવકાર્યો છે, જ્યારે સંજય રાઉતે સરકારના આ નિર્ણયની ટીકા કરતાં પ્રતિનિધિમંડળની તુલના વરઘોડાના જાનૈયાઓ સાથે કરી હતી. જેનો જવાબ આપતાં પવારે સંજય રાઉતને સલાહ આપી હતી.

શરદ પવારે સંજય રાઉત પર નિશાન સાધતા કહ્યું કે, સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે જોડશો નહીં. આ મામલે પક્ષના આધાર પર નિર્ણયો ન લો. રાષ્ટ્ર હિતમાં નિર્ણય લો. જ્યારે પી.વી. નરસિમ્હા રાવ વડાપ્રધાન હતાં, ત્યારે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ યુએન ગયુ હતું. ત્યારે હું પણ તેનો હિસ્સો બન્યો હતો.

એનસીપી અધ્યક્ષ પવારે કહ્યું કે, સંજય રાઉત જે પણ કહેવા માગે છે, તે કહી શકે છે. તેમનો હક છે. પરંતુ સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે જોડશો નહીં. તેમના પક્ષની એક સભ્ય પ્રિયંકા ચતુર્વેદી પણ આ પ્રતિનિધિમંડળમાં સામેલ છે. શિવસેના યુબીટીના સંજય રાઉતે રવિવારે આ પ્રતિનિધિમંડળની તુલના વરઘોડાના જાનૈયાઓ સાથે કરતાં કહ્યું હતું કે, આ વરઘોડાને મોકલવાની શું જરૂર હતી. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના દિકરા શ્રીકાંત શિંદે વિદેશમાં ભારતનું શું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે, એકનાથ શિંદેના દિકરા અને ત્રણ વખત સાંસદ રહી ચૂકેલા શ્રીકાંત શિંદેની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ યુએઈ, લાઈબેરિયા, કાંગો અને સિએરા લિયોનનો પ્રવાસ કરશે.

સંજય રાઉતે **INDIA** બ્લોકના નેતાઓને આ પ્રતિનિધિમંડળનો બહિષ્કાર કરવા અપીલ કરી હતી. મમતા બેનરજીના ટીએમસીએ પણ આ પ્રતિનિધિમંડળનો બહિષ્કાર કરતાં તેમાં ભાગ ન લેવાની જાહેરાત કરી હતી

### તપાસમાં બિલ વિના માલની ખરીદી અને વેચાણ થકી કરચોરીની મોડસ ઓપરેન્ડી સામે આવેલ

# તમાકુ અને વાસણોના ૬૭ વેપારીઓને ત્યાં સ્ટેટ GSTની તપાસ : ૯.૨૮ કરોડની કરચોરી ઝડપાઈ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા કરચોરી અટકાવવા માટે સતત લેવાતા પગલાના ભાગરૂપે ચોક્કસ બાતમીને આધારે સચોટ આયોજન સાથે તમાકુ તથા વાસણોના ૬૭ વેપારીઓના ૮૪ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.




ગત તા.૧૪ ના રોજ અમદાવાદ ખાતે વાસણોના ૧૨ વેપારીઓના ૧૩ ધંધાના સ્થળોએ હાથ ધરવામાં આવેલી તપાસમાં બિલ વિના માલની ખરીદી અને વેચાણ થકી કરચોરીની મોડસ ઓપરેન્ડી શોધી કાઢવામાં આવેલ હતી, તેમજ તપાસ દરમિયાન બિન-હિસાબી સ્ટોક તેમજ કાચુ હિસાબી સાહિત્ય મળી આવેલ હતું. તદુપરાંત ગત તા.૧૫ ના રોજ વિજાપુર, ઉંઝા તથા ઉનાવા ખાતે આવેલા તમાકુના ૫૫ વેપારીઓના ૭૧ ધંધાના સ્થળોએ તપાસની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. પ્રાથમિક તપાસ દરમિયાન કુલ ૬૭ વેપારીઓના ૮૪ સ્થળોએ રૂ. ૯.૨૮ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવેલ છે. મહત્તમ વેપારીઓએ કરચોરી સ્વીકારી લીધેલ છે, અને ભરપાઈ કરવા સંમત થયેલ છે. ઉપલબ્ધ દસ્તાવેજોના સંશોધનના અંતે વધુ કરચોરી મળી આવવાની સંભાવના છે. રાજ્ય **GST** વિભાગ સરકારની આવકને સુરક્ષિત કરવા, પ્રામાણિક કરદાતાઓના હિતોનું રક્ષણ કરવા તેમજ **GST** કાયદાના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. તપાસની કાર્યવાહીનું ઉચ્ચ કક્ષાએથી ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# જિલ્લાની કોર્ટમાં ૫ કરોડ ૧૨ લાખ કેસ પેન્ડિંગ ! : પાંચ વર્ષમાં અદાલતોમાં કેસોની ફાઈલો વધતી જશે!

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૯

છેલ્લાં એક દાયકામાં કેસોના નિકાલ ઝડપી ગતિએ કર્યા હોવા છતાં દેશભરની અદાલતોમાં મુકદ્દમોનું ભારણ ઘટવાને બદલે વધી રહ્યું છે. હવે એવો અંદાજ છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં જિલ્લા અદાલતોમાં કેસોનું ભારણ ૫.૧૨ કરોડ સુધી પહોંચી શકે છે.

જો કે, જો આ આગાહી ૯૫ ટકા સાચી હોય, તો પછી મુકદ્દમાઓની સંખ્યા ૮ કરોડ સુધી પહોંચી શકે છે. દેશમાં હાલ વસ્તી ૧૪૨ કરોડ નોંધાઈ રહી છે અને એક અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં દેશની કુલ વસ્તી લગભગ ૧૫૨ કરોડ સુધી પહોંચી જશે.

ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ - ૨૦૨૫ એ તેની આગાહીના આધારે જિલ્લા અદાલતોમાં પેન્ડિંગ કેસોની તપાસ કરી હતી અને ૨૦૩૦ સુધીમાં કેટલા કેસ હશે તેની આગાહી કરી હતી. તેમાં અંદાજ મૂકવામાં આવ્યો છે કે જિલ્લા અદાલતોમાં કેસોમાં ૧૫ ટકાનો વધારો થશે.રિપોર્ટ મુજબ જો આ જ વધારો થાય તો ૨૦૩૦ સુધીમાં જિલ્લા અદાલતોમાં કેસોની સંખ્યા વધીને ૫.૧૨ કરોડ થવાની શક્યતા છે. જો વધારાની આગાહી ૫૦ ટકા સાચી હશે તો મુકદ્દમોની સંખ્યા ૬ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે.

જો આગાહી ૯૫ ટકા સાચી હશે તો મુકદ્દમોની સંખ્યા ૮ કરોડને પાર કરી જાય તેવી શક્યતા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨ સુધી દેશમાં ૪.૪૪ કરોડ કેસ પેન્ડિંગ છે. હાલ ૪.૫૭ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે. તાજેતરનાં વર્ષોમાં, જિલ્લા અદાલતોમાં કેસના નિકાલમાં ઉછાળો આવ્યો છે.



### પોલીસ તપાસનાં અભાવ મુખ્ય કારણ

**ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના સહ-સ્થાપક વલય સિંઘે જિલ્લા અદાલતોમાં વધતા જતા મુકદ્દમાના ભારણને ન્યાયાધીશોની અછત માટે જવાબદાર ગણાવ્યું હતું. સાથે જ જે રીતે કેસ આવે છે તે પ્રમાણે નિકાલ કરવામાં આવતો નથી. તેમણે કહ્યું કે, પોલીસે પણ સમયસર કેસની તપાસ કરી ન હતી અને સમયસર ચાર્જશીટ ફાઇલ કરી ન હતી. ફોરેન્સિક રિપોર્ટ પણ સમયસર ઉપલબ્ધ નથી. કેટલીકવાર પોલીસને રિપોર્ટની રાહ જોવી પડે છે.**

# ગ્રીષ્માકાંડ જેવો જ કિસ્સો સુરેન્દ્રનગરમા, એક તરફી પ્રેમમાં પ્રેમીએ છરીના ઘા ઝીંકી યુવતીની હત્યા કરી

સુરેન્દ્રનગર,તા.૧૯

થોડા વર્ષો પહેલા જ સુરત શહેરનો ગ્રીષ્મા હત્યાકાંડ ભારે ચર્ચામાં આવ્યો હતો. જેમાં એકતરફી પ્રેમીએ જ યુવતીની ઘાતકી રીતે હત્યા કરી નાંખી હતી. આવો જ કિસ્સો ફરી બન્યો છે. આ વખતે સુરતને બદલે સુરેન્દ્રનગરમાંથી આવો હિચકારી કિસ્સો સામે આવ્યો છે.



શહેરના વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં ધોળા દિવસે અમન રાઠોડ નામના યુવાને પાયલબેન સોલંકીને છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી છે. વઢવાણ પોલીસને જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી બાજુ મૃતક દીકરીના પરિવારજનોમાં ભારે આક્રોશ છવાયો છે. પરિવારજનોએ આક્રોશ ઠાલવતા જણાવ્યું છે કે, જ્યાં સુધી હત્યારા યુવકની ધરપકડ કરવામાં નહીં આવે ત્યાં સુધી અમે લાશ સ્વીકારવી નહીં.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, પાયલબેન સોલંકી ઘરેથી નોકરીએ જઈ રહ્યા હતા. તે દરમિયાન અમન રાઠોડ નામનો યુવાન તેના ઘર પાસે પહોંચ્યો હતો. તે દરમિયાન અમને પાયલને છરીના ચારથી પાંચ ઘા ઝીંકી દીધા હતા. જેનાથી તે ગંભીર ઈજાગ્રસ્ત બની હતી. જે બાદ યુવતીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.પ્રેમિકાની હત્યા મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આરોપી પ્રેમી અમન રાઠોડ વિરુદ્ધ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરતા સામે આવ્યું હતું કે, અગાઉ પણ બંને પ્રેમી પંખીડાઓ ઘરેથી ભાગી ગયા હતા.

હવે પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. યુવતીના પરિવારજનોની માંગ છે કે, આ અમનને ફાંસીની સજા થવી જોઈએ. આને પકડી પાડીને ફુલેકું ફેરવવું પડશે. અમારી આર્થિક પગભર છોકરીની હત્યા કરી નાંખ્યું તો હવે અમારા ગરીબ માણસોનું શું થશે?

# ખરાબ પ્રદર્શન કરનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવામાં આવશે,વિક્રમાદિત્ય સિંહ

શિમલા,તા.૧૯

જાહેર બાંધકામ મંત્રી વિક્રમાદિત્ય સિંહે જણાવ્યું હતું કે જાહેર બાંધકામ અને શહેરી વિકાસ વિભાગો હેઠળ વિકાસ પ્રોજેક્ટ્સના અમલીકરણને ઝડપી બનાવવા માટે એક વ્યાપક વ્યૂહરચના અપનાવવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે તાજેતરમાં શહેરી વિકાસ વિભાગ, જાહેર બાંધકામ વિભાગ અને નાબાર્ડના વરિષ્ઠ અધિકારીઓ, ઈજનેરો અને કાર્યકારી અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના તબક્કા-૪ હેઠળ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ અપલોડ કરવામાં હિમાચલ પ્રદેશ દેશમાં અગ્રેસર છે. રાજ્ય ૧,૫૦૦ કિમીના રસ્તા બનાવવાના મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તૈયાર છે, જો તેને સ્થાનિક સમુદાયો અને પંચાયતોનો સંપૂર્ણ સહયોગ મળે.

જોકે, સમયસર જમીન ઉપલબ્ધતા અને સ્થાનિક સમર્થનના અભાવે, લક્ષ્ય ૪૦૦-૫૦૦ કિલોમીટર સુધી મર્યાદિત રહી શકે છે. વન વિભાગ તરફથી મંજૂરીમાં વિલંબ અને વિભાગના નામે જમીનની નોંધણી ન થવા જેવા મુખ્ય પડકારો પર પ્રકાશ પાડતા મંત્રીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ વિભાગો સાથે સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સ્થાનિક પ્રતિનિધિઓ અને જિલ્લા વહીવટીતંત્રની સંડોવણીથી જમીન ઓળખ અને સંપાદનની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે. જવાબદારી સુનિશ્ચિત કરવા માટે, પીડબ્લ્યુડી વિભાગોને લાલ, પીળો, લીલો અને બિન-કાર્યક્ષમતા ધરાવતા ચાર ઝોનમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. મંત્રીએ કહ્યું કે ખરાબ પ્રદર્શન કરનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે ચાર્જશીટ અને બ્લેકલિસ્ટ સહિત કડક કાર્યવાહી કરવામાં આવશે.

વિક્રમાદિત્ય સિંહે જણાવ્યું હતું કે શહેરી વિકાસ વિભાગ હેઠળના શહેરી ચેલેન્જ ફંડ હેઠળ ૧૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. આમાંથી, ૨૫ ટકા ભંડોળ કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી આવશે, જ્યારે બાકીની રકમ બેંકો અને બજાર પદ્ધતિઓ દ્વારા એકત્ર કરવામાં આવશે. પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં સ્વચ્છતા, ડ્રેનેજ, પાર્કિંગ સુવિધાઓ અને શહેરી માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે. મંત્રીએ કહ્યું કે તેઓ ટૂંક સમયમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મળશે અને હિમાચલ પ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો આપશે.

ચોમાસાના આગમન પહેલાના ત્રણ મહિનાને ×સોનેરી બારી× ગણાવતા, મંત્રીએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ, નાગરિકો અને કોન્ટ્રાક્ટરોને ખાસ કરીને કુલ્લુ, સિરમૌર, ચંબા, લાહૌલ-સ્પિતિ અને કિન્નૌર જિલ્લાના દૂરના અને મુશ્કેલ વિસ્તારોમાં વિકાસને વેગ આપવા માટે સરકારને સહયોગ આપવા અપીલ કરી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

**વૃષભ:** આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

**મિથુન:** આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે.

**કર્ક:** તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

**સિંહ:** આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

**કન્યા:** કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો. સાંજે કોઈ જૂની યોજના પર કામ કરીને સફળતા મેળવી શકો છો.

**તુલા:** આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

**વૃશ્ચિક:** આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

**ધન:** આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

**મકર:** આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.

**કુંભ:** આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

**મીન:** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે.

## ફિલ્મી ગપશપ

### મહિના પહેલા છેડો ફાડ્યો, હવે ભાઈ-બહેને ગળે લગાવ્યા!

## નેહા-ટોની સાથે મોટી બહેન સોનુએ કર્યું સમાધાન, ફેમિલી ફોટોમાં સાથે દેખાઈ કક્કડ ત્રિપુટી

'બાબૂજી જરા ધીરે ચલો' જેવા ઘણા બેસ્ટ ગીતોને અવાજ આપનાર સોનુ કક્કડે ગયા મહિને નાના ભાઈ ટોની કક્કડ અને નેહા કક્કડ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યો હતો. જોકે, થોડા દિવસો પછી ફરી એકવાર કક્કડ ભાઈ-બહેનના ત્રણેય ભાઈ-બહેનો તેમના માતા-પિતાની મેરેજ ઍનિવર્સરી પર સાથે ડાન્સ કરતા જોવા મળ્યાં. જ્યારથી આ તસવીરો સામે આવી છે, ત્યારથી અંદાજ લાગવવામાં આવી રહ્યો છે કે ત્રણેય વચ્ચે સમાધાન થઈ ગયું છે.



રવિવારે, નેહા કક્કડે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી તેના માતા-પિતાની મેરેજ ઍનિવર્સરી પર ઘણી તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા. એક તસવીરમાં, સોનુ કક્કડ તેના માતા-પિતા, ભાઈ ટોની અને બહેન નેહા સાથે પોઝ આપતી જોવા મળે છે. જોકે, આ સિવાય સોનુ બીજા કોઈ ફોટા કે વીડિયોમાં જોવા મળ્યો નથી.

તેઓ એકસાથે જોવા મળતાની સાથે જ એવા અહેવાલો આવ્યા છે કે- કક્કડ ત્રિપુટી વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. જોકે, એ પણ શક્ય છે કે ભાઈ-બહેનો તેમના મતભેદો હોવા છતાં તેમના માતા-પિતાને સપોર્ટ કરવા માટે ભેગા થયા હોય.

૧૨ એપ્રિલે સોનુ કક્કડે તેના ઓફિશિયલ ઠ પ્લેટફોર્મ (અગાઉ ટ્વિટર) પર તેના ભાઈ-બહેન સાથેના સંબંધો તોડવાની જાહેરાત કરી હતી અને લખ્યું હતું કે, 'મને તમને બધાને જણાવતા ખૂબ જ દુઃખ થાય છે કે હું હવે બે પ્રતિભાશાળી સુપરસ્ટાર નેહા કક્કડ અને ટોની કક્કડની બહેન નથી. મેં આ નિર્ણય ખૂબ જ ભાવનાત્મક પીડા સાથે લીધો છે અને આજે હું ખરેખર નિરાશ છું.'આ સમાચાર એટલા માટે પણ ચોંકાવનારા હતા કારણ કે- આના એક મહિના પહેલા જ સોનુ કક્કડે તેના ભાઈ-બહેનો સાથે હોળીની ઉજવણી કરી હતી અને સાથે ઘણી તસવીરો પોસ્ટ કરી હતી. આ તસવીરો સાથે નેહાએ લખ્યું હતું - 'ન જુદા હોંગે હમ'.

આ દરમિયાન, બધાનું ધ્યાન ટોની કક્કડના જન્મદિવસની પાર્ટીના ફોટા તરફ ગયું, જેમાં આખો કક્કડ પરિવાર હાજર હતો, જોકે સોનુ આવી નહોતી. વિચિત્ર વાત એ હતી કે સોનુ કક્કડ હજુ પણ સોશિયલ મીડિયા પર ભાઈ-બહેનને ફોલો કરે છે.

૪૫ વર્ષીય સોનુ કક્કડ ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી મોટી છે. તેનાથી નાના ટોની કક્કડ અને સૌથી નાની નેહા કક્કડ છે. સોનુ ૨૦૦૩થી આ ઈન્ડસ્ટ્રીનો ભાગ છે. તેણે ફિલ્મ દમના ગીત ×બાબુજી જરા ધીરે ચલો× સાથે પ્લેબેક સિંગર તરીકે ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. સોનુને તેના પહેલા ગીતથી જ લોકપ્રિયતા મળી.

### મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણની પણ ધરપકડ

# મોટો પુત્ર બળવંત હાલ કસ્ટડીમાં છે : તપાસ વધુ વેગવંતી બને તેવા સંકેત

## મનરેગા કૌભાંડમાં વહેલી સવારે નાસતા ફરતા મંત્રી પુત્રને ઝડપી લેવાયા





(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી યોજના (મનરેગા) હેઠળ સરકારી કામોના કોન્ટ્રાકટ મેળવી ફરી કાગળ પર જ રોડ, ચેક-ડેમ સહિતના કામો બતાવીને અંદાજે રૂા.૭૧ કરોડના ખોટા બિલોના આધારે પેમેન્ટ મેળવી લેવાના કૌભાંડમાં આખરે પોલીસે રાજયના મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણ ખાબડની પણ ધરપકડ કરી છે.

હજુ ગત સપ્તાહ આ પ્રકરણમાં ખાબડના મોટા પુત્ર બળવંતની ધરપકડ કર્યા બાદ કિરણ ખાબડ નાસતો ફરતો હતો પણ પોલીસે આજે સવારે વડોદરા-હાલોલ માર્ગ પરથી તેને ઝડપી લેવાયા છે. હવે તેને અદાલતમાં રજુ કરને રીમાન્ડ પર મેળવાશે. અગાઉ આ ક્ષેત્રના પુર્વ ટીડીઓ સહિત કુલ નવ લોકોની ધરપકડ થઈ છે.

ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારી આપવા માટેની મનરેગા યોજનામાં રાજયભરમાં જબરા કૌભાંડ થાય છે. તેની ચર્ચા વચ્ચે દાહોદમાં ચેકડેમ, હેન્ડપમ્પ, માર્ગ વિ. બનાવવાના ટેન્ડર મેળવી બાખડ ફેમીલીએ તેમાં માર્ગો કે ચેકડેમ બનાવ્યા વગર હેન્ડપમ્પ નાખવા પણ ગેરરતિ કરીને ખોટા બિલો મારફત જંગી સરકારી નાણા મેળવી લીધા હતા.તેઓએ તેના પિતા મંત્રી હોવાથી સરકારી અધિકારીઓ પણ શામ દામ દંડ ભેદથી તેના કામોમાં સાથ આપવા ફરજ પાડી હતી અને પુરુષના અનેક સભ્યોના નામે ખોટી એજન્સીઓ ઉભી કરી હતી જેમાં બોગસ બિલીંગ વિ. પણ બનાવ્યા હતા.

### અંબાલાલ પટેલની આગાહી : ૨૩ થી ૩૧ મે સુધી માવઠા - દરિયાકાંઠાનાં વિસ્તારો પ્રભાવીત થશે

# ગુજરાતમાં બુધવારથી મોટો હવામાન પલ્ટો અરબી સમુદ્રમાં વાવાઝોડુ સર્જાશે : ભારે વરસાદ થશે

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાનો પ્રકોપ હજુ શાંત થયો નથી, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે મે મહિનાના અંતમાં રાજ્ય પર એક મોટા હવામાન સંકટની આગાહી કરી છે. તેમના મતે, અરબી સમુદ્રમાં ચક્રવાત સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ અને વિનાશક પવનો ફૂંકાઈ શકે છે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આગામી ૨૧ મે, ૨૦૨૫ થી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવવાની શરૂઆત થશે. એક પછી એક સિસ્ટમ સક્રિય થશે અને અરબી સમુદ્રમાં ચક્રવાત (વાવાઝોડું) બનશે. ખાસ કરીને, મુંબઈ અને ગોવા



વચ્ચે એક સિસ્ટમ બનશે, જે વાવાઝોડામાં પરિવર્તિત થશે.

આ ચક્રવાતની સીધી અસર દરિયાકાંઠાના વિસ્તારો પર જોવા મળશે. અંબાલાલ પટેલના મતે, દરિયામાં ઊંચા મોજા ઉછળશે અને દરિયાઈ કાંઠાના વિસ્તારો વાવાઝોડાથી વધુ પ્રભાવિત થશે. દરિયાઈ કાંઠે પવનની ગતિ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપની રહેવાની શક્યતા છે.

આ ચક્રવાત સક્રિય થવાને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. મે મહિનાના અંતમાં, ખાસ કરીને ૨૩ મે થી ૩૧ મે સુધી ગુજરાતભરમાં કમોસમી માવઠાની આગાહી કરી છે, જેના કારણે ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાશે.

અંબાલાલ પટેલના વરતારા મુજબ, રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની તીવ્રતા અલગ અલગ રહી શકે છે:

ભારેથી અતિભારે વરસાદ અને ભારે પવનઃ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગો.

ભારે વરસાદનું અનુમાનઃ સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, દાદરા નગર હવેલી સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ.

અતિભારે વરસાદ (પવન સાથે): કચ્છ જિલ્લામાં પણ અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યકત કરવામાં આવી છે.ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદનું અનુમાન (સૌરાષ્ટ્ર): જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, જુનાગઢ, અમરેલી, ચોટીલા સહિત સૌરાષ્ટ્રના ભાગો.

ગાજવીજ સાથે વરસાદનું અનુમાન (મધ્ય ગુજરાત): અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદ, નડિયાદ, પંચમહાલ, છોટાઉદેપુર સહિત મધ્ય ગુજરાતના ભાગો.

સામાન્યથી મધ્યમ વરસાદ (પવન સાથે): બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મોડાસા, મહેસાણા, પાટણ સહિત ઉત્તર ગુજરાતના ભાગો.

# પેટ્રોલિયમ પેદાશ અને હિરા કરતાં: સ્માર્ટ મોબાઈલ ફોનની નિકાસમાં ભારત આગળ : સૌથી વધુ નિકાસ અમેરિકામાં!!

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૯

છેલ્લાં ત્રણ વર્ષમાં અમેરિકાને ભારતની સ્માર્ટફોનની નિકાસમાં પાંચ ગણો વધારો થયો છે. સાથે જ જાપાનમાં નિકાસ ચાર ગણી વધી છે. આ માહિતી સરકારી ડેટા પરથી મેળવવામાં આવી છે.

આમ, આજે સ્માર્ટફોનની નિકાસે દેશમાંથી પેટ્રોલિયમ પેદાશો અને હીરાની નિકાસને પાછળ છોડી દીધી છે. વાણિજ્ય મંત્રાલયનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે, ×આ તીવ્ર ઉછાળા સાથે, સ્માર્ટફોન



ભારતની સૌથી વધુ નિકાસ થતી પ્રોડક્ટ બની ગઈ છે.× તેણે પેટ્રોલિયમ પેદાશો અને હીરાને પ્રથમ વખત પાછળ છોડી દીધાં છે.

આંકડા અનુસાર સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૩-૨૪માં ૧૫.૫૭ અબજ ડોલર અને ૨૦૨૨-૨૩માં ૧૦.૯૬ અબજ ડોલરથી ૨૦૨૪-૨૫માં ૫૫ ટકા વધીને ૨૪.૧૪ અબજ ડોલર થઈ ગઈ છે. અમેરિકા, નેધરલેન્ડ્સ, ઈટાલી, જાપાન અને ચેક રિપબ્લિક એવા ટોચના પાંચ દેશો હતાં જેમણે ૨૦૧૮-૧૯માં સ્માર્ટફોનની નિકાસમાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાવી હતી.

એકલા અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૪-૨૫માં ૧૦.૬ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૨-૨૩માં ૨.૧૬ અબજ ડોલર અને ૨૦૨૩-૨૪માં ૫.૫૭ અબજ ડોલર રહી હતી.

જાપાનમાં નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જાપાનમાં નિકાસ ૨૦૨૨-૨૩માં ૧૨૦ મિલિયન ડોલરથી વધીને ૨૦૨૪-૨૫માં ૫૨૦ મિલિયન ડોલર થઈ ગઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લાં ત્રણ વર્ષમાં આ ક્ષેત્રમાં ભારે તેજી આવી છે, જેણે દેશને એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદન અને ગ્રાહક કેન્દ્રમાં પરિવર્તિત કરી દીધો છે.

### ખાતા જપ્ત કરનાર ઓથોરીટીને બોમ્બે હાઈકોર્ટે આપી સલાહ

# આધાર-પુરાવા વિના કોઈનું બેક્ક ખાતુ જપ્ત ન કરી શકાય, આ વેપારને ઠપ્પ કરી શકે છે : હાઈકોર્ટ

મુંબઈ,તા.૧૯

કોઈ આધાર-પુરાવા વિના ઓથોરીટી કોઈનું બેક્ક ખાતુ એટેચ (જપ્ત) ન કરી શકે આ બાબત વેપારને ઠપ્પ કરી શકે છે.આ ટિપ્પણી બોમ્બે હાઈકોર્ટે કરી હતી. કોર્ટે કહ્યુ હતું કે ખાતુ જપ્ત કરવાનો અપાયેલો પાવર કઠોર છે. કારણ કે તે કેટલીક સ્થિતિઓમાં વ્યકિતનાં વ્યવસાયને ઠપ્પ કરી શકે છે. એટલે આ પાવરનો ઉપયોગ કરનાર ઓથોરીટીએ સાવધાનીથી કામ કરવુ જોઈએ.

ઓથોરીટીએ આ પાવરના દુરૂપયોગ બચવુ જોઈએ કોર્ટે મુંબઈની એક પાર્ટનરશીપ ફર્મનું બેક્ક ખાતુ એટેચ કરવાના આદેશને રદ કરવાનો ફેસલો સંભળાવ્યો છે.

જોઈન્ટ કમિશ્નર ઓફ સ્ટેટ ટેકસે ૨૭ જાન્યુઆરી ૨૦૦૫ ના પાર્ટનરશીપ ફર્મનું ખાતુ એટેચ કરવાનાં સબંધમાં પ્રોવિઝનલ આદેશ ઈસ્યુ કર્યો હતો. ત્યારબાદ ફર્મને વિલેપાર્લે સ્થિત જાહેર ક્ષેત્રની મોટી બેક્કનાં ખાતાને એટેચ કરી દીધુ હતું. કમિશ્નરના આ આદેશને ફર્મે હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

જસ્ટીસ બી.પી.કુલાવાવાળા અને જસ્ટીસ ફીરદોષ પુનિવાલાની બેન્ચ સામે અરજીની સુનાવણી થઈ હતી. અરજીમાં જણાવ્યા મુજબ ખાતાને એટેચ કરવાનો આદેશ મહારાષ્ટ્ર ગુડસ એન્ડ સર્વીસ ટેકસ (જીએસટી) અધિનિયમ અંતર્ગત ઈસ્યુ કરાયો હતો.

જેથી અરજદારનાં ચુકવવા પાત્ર કર અને અન્ય રકમનું નિર્ધારણ થઈ શકે. અરજદારનો મુંબઈ અને રાયગઢમાં જેસીબી અને એકસાવેટર જેવી ભારે મશીનોનો ખરીદ, નિકાસનો કારોબાર છે.

અરજદારનાં જણાવ્યા મુજબ રાજય કરવિભાગે તેમનાં કાર્યાલય પરિસરમાં તલાસી લીધી હતી. અધિકારીઓને પુરો સહયોગ આપી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવાયા હતા. તેમ છતા બેક્ક ખાતાને એટેચ (જપ્ત)નો આદેશ અપાયો હતો તેનુ કોઈ કારણ પણ નહોતુ અપાયું.

# મનુષ્ય સ્વભાવથી દીન થતો નથી ત્યાં સુધી ભગવાનને ગમતો નથી

રશિયા અને ઈઝરાયલે પોતે મહાસત્તા હોવાની ધાક જમાવવા શરૂ કરેલા યુદ્ધો હવે અતિ ગંભીર સ્વરૂપ લઈ રહયા છે ત્યારે આપણે ત્યાં કાશ્મીરના પહેલગામ પર્યટકો પર થયેલા આતંકી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ જેમાં આપણે ઑપરેશન સિંદૂર કરી પાકિસ્તાનને બધી રીતે પાયમાલ કરી દીધું અને તેની ખુશીમાં દેશભરમાં તિરંગા રેલી યાત્રા કરી તેનો ઉત્સવ મનાવી રહ્યા છીએ આ બધા વચ્ચે એક વાત લોકોએ સમજવી જોઈએ કે ક્યાંક મહા યુદ્ધના એંધાણ તો નથીને ? રશિયાએ યુક્રેન પર સૌથી મોટો હુમલો ૨૭૩ ડ્રોન છોડી ગત રવિવારે કર્યો આપણે ત્યાંની પ્રજાને સરહદના સીમાડે એકાદ મોટો તારો કે કુત્રિમ ગ્રહ રાત્રે દેખાય તોય હોહા કરી મુકે છે અને લગ્નમાં મનાઈ હોવા છતાં ડ્રોન અને ફટાકડા ફોડી મોજ કરે છે. આ કયાંની રાષ્ટ્ર ભાવના અને બીક આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો કાશીએ જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્ય ભૂમિ છે.વ્રજભૂમિએ પ્રેમભૂમિ છે નર્મદાનો કિનારોએ તપો ભૂમિ છે. નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું છે,વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે.તીર્થમાં ક્રોધ ન કરો,તીર્થમાં બ્રહ્મચર્ય વગેરેવ્રતો પાળવાં જોઈએ,તો જ તીર્થયાત્રા નું ફળ મળે છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

યાત્રા કરતાં કરતાં વિદુરજી યમુના કિનારે વૃંદાવનમાં આવ્યા છે. કનૈયો વ્રજમાં ખુલ્લા પગે ફરે છે. યશોદાજી સમજાવે છેકે વનમાં કાંટા કાંકરા લાગશે.તું પગમાં જોડા પહેર કનૈયો કહે છે. મા,હું તમારે ઘરે ગાયોની સેવા કરવા આવ્યો છું. ગયા જન્મમાં રામરૂપે હું રાજાને ઘરે જન્મ્યો એટલે મને કોઈએ ગાયોની સેવા કરવી દીધી નહીં.મેં નક્કી કર્યું, હવે ભવિષ્યમાં હું કોઈ ગોવાળને ત્યાં જન્મ લઈશ અને ગાયોની સેવા કરીશ. હવે તમે જ કહો,મારી ગાયો ઉઘાડાપગે ફરે છે તો હું પગમાં જોડા કેવી રીતે પહેરું લાલાનાં અનેક નામો છે, પણ મને લાલાનું ગોપાળકૃષ્ણ નામ ગમે છે. શ્રીકૃષ્ણ વ્રજમાં ઊઘાડા પગે ફરે છે.તેથી વ્રજરજ અતિ પાવન છે. દ્વારિકામાં તેઓ તો રાજા હતા એટલે ખુલ્લાપગે ફરાય નહીં. વિદુરજી વ્રજની રમણરેતીમાં આળોટે છે.રમણરેતીમાં ગોપીઓ ની ચરણ રજ પડેલી.વિદુરજી મંગલમય શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરે છે કે,આ ભૂમિ અતિ શય પાવન છે.મારા શ્રીકૃષ્ણ ગાયોને લઈને આ ભૂમિમાંઆવતા હતા વ્રજની લીલા નિત્ય છે. આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રોજ લીલા કરે છે.શ્રી કૃષ્ણ આનંદ રૂપ વિદુરજીને અનુભવ થયો કે,મારા શ્રી કૃષ્ણ ગાયોને લઈને યમુના કિનારે આવ્યા છે.વિદુરજીની ભાવના એવી હતી. તેને સર્વ લીલા પ્રત્યક્ષ દેખાય છે.

આ કદમનું ઝાડ છે.વૈષ્ણવો આને ટેર કદમ કહે છે.ટેર કદમ ઉપર



વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયો ને નામ દઈ-દઈને બોલાવે છે. ગાયોની વચ્ચે ઊભેલા એવા ગોપાળ કૃષ્ણ નું ધ્યાન ધરો. ગાયોની વચ્ચે બિરાજેલા શ્રીકૃષ્ણ નું ધ્યાન ધરવાથી જલદી તન્મયતા થાય છે. ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવો ઈન્દ્રિયો ને વિષયો સાથે ન પરણાવો ભગવાનનું નામ ઋષિકેશ છે.તેનો અર્થ છેઃ ઋષિક એટલે ઈન્દ્રિય અને ઈશ એટલે સ્વામી. ઈન્દ્રિયો ના સ્વામી શ્રીકૃષ્ણ છે.આ પાંચ વિષયો ઈન્દ્રિયોના સાચા પતિ નથી તે પતિ થવા માગે છે.સંસાર નું કોઈ પણ રૂપ આંખને દેખાય ત્યાં સુધી નિદ્રા આવતી નથી, એટલે ફલિત થાય છેકે આંખનો પતિરૂપ નથી. વિદુરજી વિચારે છે, મારા કરતાં આ પશુઓ શ્રેષ્ઠ છે કે, પરમાત્મા ને મળવા તેઓ આતુર થઈને દોડે છે.ગાયો શ્રી કૃષ્ણમિલન માટે આતુર થઈ છે. ધિક્કાર છે મને કે હજુ મને શ્રી કૃષ્ણ મિલન માટે તીવ્ર ઈચ્છા થતી નથી. ગાયો દોડે છે અને હું પથ્થર જેવો બેસી રહ્યો છું.એવો પ્રસંગ ક્યારે આવશે કે હું પણ ગાયો જેમ શ્રીકૃષ્ણ મિલન માટે દોડીશ. વિદુરજી શ્રી કૃષ્ણ લીલાનું ચિંતન કરતાં શ્રી કૃષ્ણ પ્રેમમાં પાગલ બન્યા છે, વિરહ અતિશય તીવ્ર બને છે ત્યારે પરમાત્મા મળે છે

પ્રભુ તે વખતે પ્રભાસમાં હતા. તેમણે ઉદ્ધવને જ્ઞાનનો, ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો. પણ ઉદ્ધવને શાંતિ મળી નહીં,ત્યારે એને કહ્યું, હવે તું બદરિકાશ્રમ જા!ઉદ્ધવ કહે છે, મને એકલાને જતાં બીક લાગે છે,તમે મારી સાથે ચાલો!કેવળ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન બહુ ઉપયોગી થતું નથી.સગુણ બ્રહ્મના આધારે નિર્ગુણ બ્રહ્મને ઓળખવાના છે.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, હું ક્ષેત્રજ્ઞ રૂપે તારી સાથેછું.હું તારામાં રહેલો છું.મારું સ્મરણ કરીશ એજ ક્ષણે હું હાજર થઈશ.ઉદ્ધવજી પ્રાર્થના કરે છે કે,ભાવના આધાર વિના ન થઈ શકે માટે મને કંઈક આધાર આપો.ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવને ચરણ પાદુકા આપી. ઉદ્ધવે માની લીધું કે,હવે દ્વારિકાનાથ મારી સાથે છે.હું અનાથ નથી હું સનાથ છું.આ પાદુકા નથી, પ્રત્યક્ષ મારી સાથે છે.ઉદ્ધવનો પ્રેમ એવો છે કે તે પાદુકામાં પરમાત્મા નિહાળે છે. મસ્તક ઉપર ચરણપાદુકા રાખી છે મસ્તકએ બુદ્ધિપ્રધાન છે.તેમાં પ્રભુ ને પધરાવો તો તમારા મનમાં કોઈ વિકાર થશે નહીં પછી ઉદ્ધવ જી બદરિકાશ્રમ જવા નીકળ્યા. રસ્તા માં યમુનાનાં દર્શન થયાં, વ્રજભૂમિ નાં દર્શન થયાં. તીર્થમાં સ્નાન કરવાથી મન એક દમ શુદ્ધ થતું નથી,પણ ત્યાં રહેલો કોઈ ભજનાનંદિ સંત હોય તેનો સત્સંગ કરો તો મન અતિ શુદ્ધ થાય છે.ઉદ્ધવે વિચાર્યું થોડા દિવસ અહીં રહીશ. કોઈ સંત વૈષ્ણવ મળશે.સત્સંગ કરીશ નહીં તો મૂંગો બેસીશ.આજે પણ વૃંદાવનમાં ગુપ્ત રીતે અનેક સાધુ ઓ રાધાકૃષ્ણની લીલાઓનાં દર્શન કરતાં ફરે છે.યમુના કિનારે રમણ રેતીમાં વિદુરજી બેઠા છે. ઉદ્ધવજીની દૃષ્ટિ ત્યાં પડી આ વૈષ્ણવ લાગે છે ઉદ્ધવજી પાસે આવ્યા ત્યારે ઓળખી ગયા,આ તો મહાન ભગવદ ભક્ત વિદુર બેઠા છે. ઉદ્ધવજી વંદન કરે છે.તે જ સમયે વિદુરજીએ આંખો ઊઘાડી કહ્યું,મને વંદન કરોએ યોગ્ય નથી. હું તમને વંદન કરું છું. સંતમિલન આવું દિવ્ય છે!વિદુર- ઉદ્ધવનો સત્સંગ થાય છે. સત્સંગમાં મનુષ્ય જીવે એટલું જ મનુષ્ય જીવ્યો છેએમ કહી શકાય સંતોના મિલનમાં કેવળ ભગવાન ની જ વાતો થાય છે.

યમુનાજીને આજે અતિશય આનંદ થયો છે કે, મારા પ્રભુની લીલાઓનું આ લાડીલા ભક્તો વર્ણન કરશે.મારા શ્રીકૃષ્ણની વાતો કરશે. મારા શ્યામસુંદરનાં વખાણ કરશે.તેમની લીલાઓ ગાશે.હું મારા શ્રીકૃષ્ણની લીલા સાંભળીશ. યમુનાજી સ્તબ્ધ થયાં છે.ઉદ્ધવજી કહે છે,મને પ્રભાસમાં ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો છે. પછી પ્રભુએ મને બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી છે.તમારાં દર્શનથી મને ઘણો આનંદ થયો છે વિદુરજી કહે છે,પ્રભુએ તમને ભાગવત ધર્મ નો જે ઉપદેશ કર્યો તે મને સાંભળવા ઈચ્છા છે.હું જાતિ હીન છું,કર્મહીન છું,પણ વૈષ્ણવો દયાના સાગર હોય છે.આપ મારી ઈચ્છા પરિપૂર્ણ કરો.વિદુરજીનો કેવો દૈન્યભાવ છે!મનુષ્ય સ્વભાવ થી દીન થતો નથી ત્યાં સુધી ભગવાનને ગમતો નથી.જ્યાં નજર જાય ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શનની ભાવના કરશો તો દૈન્ય ભાવ થશે.પછી ઉદ્ધવજી કહે છે, વિદુરજી તમને હું શું કહું? પણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે વાસુદેવ-દેવકીને નહીં, રુક્ષ્મણી-સત્યભામાને નહીં પરંતુ તમને પ્રભુ એ ત્રણ વખત યાદ કર્યા છે.મને કહે મેં એક વખત વિદુરજી ના ઘરની ભાજી આરોગેલી તેની મીઠાશ હજુ ભૂલાતી નથી. ભગવાન જેને મારો કહે તેનો બેડો પાર છે. સાધારણ વ્યવહારમાં પણ કોઈ કોઈને જલદી કહેતું નથી કે,તું મારો છે. જીવ મંદિરમાં જઈને ભગવાનને કહે છે,હું તારો છું અને ઘરે આવીને બબલીની બાને કહે છે હું તારો છું.મંદિરમાં જે ભગવાનનો હતો તે ઘરે આવ્યા પછી બીજાનો થઈ ગયો એટલે ભગવાન પ્રસન્ન થતાં નથી અને કહેતા નથી કે તું મારો છે. ભગવાન ને કોઈ એમ કહેતા નથી કે,હું તમારો જ છું અને બીજા કોઈનો નથી. જગતમાં જ્યાં સુધી મનુષ્ય કોઈ જીવનો છે ત્યાં સુધી ભગવાનનો થઈ શકતો નથી. ભગવાનને રોજ મનાવો કે એક વાર કહી દો કે,તું મારો છે. ભગવાન જ્યારે કહે કે,તું મારો છે,ત્યારે બ્રહ્મસંબંધ સાચો.

વાચક ચાહક મિત્રો,સૌને જય માતાજી, સુપ્રભાત આપણા કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહ અને ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં આવી પાકિસ્તાનને લલકાર ફેંક્યો છે..વધુ નહી આમ વિશ્ર્વમાં અજંપાભરી સ્થિતિ છે ભકતો રઘવાયા બનેલા છે એટલે ઑપરેશન સિંદૂરમાં ભયંકર માર ખાધા બાદ પણ પાકિસ્તાનના જનરલ અહેમદ ચૌધરીએ કહ્યું, અમે ઝુકશું નહીં, કોઈ પણ હદ સુધી જવા તૈયાર તેવું કંઈક જ આજે આપણે અહીં અટકીએ, અસ્તુ..

### મહેસાણાના ઉમતા ખાતે શ્રી કમલા સંધ્યા ‘અપના ઘર’ આશ્રમના નવીન મકાનનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

# ૩૦૦ દિવ્યાંગ મહિલા અને પુરૂષ પ્રભુજીઓના નિવાસ સહિત હોસ્પિટલ સુવિધાથી સજ્જ અપના ઘરનું લોકાર્પણ કરાયું

### આવી સંસ્થાથી પ્રધાનમંત્રીના અભિગમ ‘દિવ્યાંગ દરિદ્ર નારાયણની સેવા’ સાકાર થઇ રહી છે : ભુપેન્દ્ર પટેલ







(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઉમતા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી કમલા સંધ્યા ‘અપના ઘર‘ આશ્રમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, “કમલા સંધ્યા અપના ઘર” સંસ્થા એવા લોકોની સેવા કરે છે જે સમાજથી તરછોડાયેલા છે અને માનસિક શારીરિક દિવ્યાંગ છે. તેમણે ઉમેર્યું હતું કે ઘણા કાર્યો ખૂબ નાના લાગે છે, પંરતુ હકીકતમાં તે ખૂબ જ મોટું કામ હોય છે જેનાથી અનેક લોકોના જીવનમાં આનંદ લાવી શકીએ છીએ.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, આ કાર્યક્રમ દરેકને પ્રેરણા આપે તેવો છે, આવા પ્રકારના કાર્યોથી ઈશ્વરના આશિર્વાદ મળે છે જેનાથી જીવનમાં હકારત્મક પરીણામ આવે છે,તેમણે જણાવ્યું હતું કે, દરેક માનવીના સારા અભિગમને કુદરત તેના અલગ અલગ રૂપમાં મદદ કરે છે,ત્યારે આ પ્રકારની સંસ્થાથી પ્રધાનમંત્રીશ્રીના અભિગમ “દિવ્યાંગ દરિદ્ર નારાયણની સેવા” સાકાર થઈ રહી છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી કમલા સંધ્યા ‘અપના ઘર ‘ આશ્રમ થકી સેવાના બીજ રોપાયા છે જે આ તાલુકા માટે ગૌરવની વાતા છે તેમણે ઉમેર્યું હતું કે, સંસ્થા દિવ્યાંગ વ્યક્તિને રોડ પરથી લાવી તેમની સેવા કરે છે, જ્યારે સારા થાય ત્યારે પરિવાર સાથે ભેટો કરાવે છે, આ પ્રકારની સેવા જ્વલેજ જોવા મળે છે,.

આ પ્રસંગે મુખ્ય દાતાશ્રી વી વી પટેલે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય યોગીઓએ કર્મ સાથે જોડ્યા છે, જેથી સમાજમાંથી લીધું તેનો પરત કરવાનો સૌથી શ્રેષ્ઠ રસ્તો એટલે દાન,જેમાં તમામ દાતાશ્રીઓ દાન આપી સમાજ સેવા કરવા અપીલ કરી હતી

આ પ્રસંગે ભરતપુર સંસ્થાના વીરપાલસિંહએ જણાવ્યું હતું કે, ડોક્ટર ભારદ્વાજ અને તેમના પત્ની શ્રીમતી માધુરી ભારદ્વાજ ભરતપુર ખાતે આશ્રમની સ્થાપના કરી, જે આજે વટવૃક્ષ બની રાષ્ટ્રના ૧૧ રાજ્યોમાં ૬૫ જેટલા અપના ઘર આશ્રમની સ્થાપનાઓ કરવામાં આવી છે, આ સંસ્થામાં રાષ્ટ્રભરમાં ૧૫,૦૦૦ થી વધુ લોકો રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ભરતપુર રાજસ્થાનના માં માધુરી વ્રજ વારિસ સેવા સદનથી પ્રેરણા લઈ મહેસાણાના વિસનગરના ઉમતા ખાતે આશ્રમની સ્થાપના કરવામાં આવી છે. આ આશ્રમમાં માનસિક શારીરિક દિવ્યાંગ મહિલા અને પુરુષ પ્રભુજીને રાખવામાં આવે છે. આ આશ્રમની સ્થાપના નો વિચાર શ્રી ભારદ્વાજ અને તેમના પત્ની દ્વારા ભરતપુર શરૂઆત કરી આજે દેશના ૧૧ રાજ્યોમાં ૬૫ જેટલા આશ્રમોની સ્થાપના કરાઈ છે જેમાં સમગ્ર ગુજરાતમાં ચાર આશ્રમોની સ્થાપના કરાઈ છે જેમાંનો પ્રથમ સ્વતંત્ર મકાનનું નિર્માણ ઉમતા ખાતે કરવામાં આવ્યુ છે.

નોંધનીય છે કે શ્રી કમલા સંધ્યા ‘અપના ઘર ‘ આશ્રમમાં ૨૦૦ થી વધુ પુરુષ પ્રભુજી અને ૧૦૦ મહિલા પ્રભુજીની રહેવાની ક્ષમતા ધરાવે છે. આ કેમ્પસમાં આરોગ્ય સેવાઓ માટે હોસ્પિટલ સહિતની સુવિધાઓ સાથે સુંદર સ્થળનું નિર્માણ દાતાઓના સહયોગથી કરાયું છે.

કાર્યક્રમમાં દાતાઓનું સન્માન મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુંભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલ, રાજયસભા સાંસદશ્રી નરહરી અમીન, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ વરમોરા, કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિ, પૂર્વ ધારાસભ્યશ્રી રમણભાઈ પટેલ, અગ્રણી સર્વે શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી ગભજીભાઈ સુતરીયા, શ્રી વિકાસ ઉપાધ્યાય, શ્રી એચ.એસ.પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી ગીરીશભાઈ રાજગોર સહિત મોટી સંખ્યામાં દાતાશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પોશીનાના લાંબડીયા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સે મહિલાની સ્વસ્થ પ્રસુતિ કરી સરાહનીય કામગીરી કરી



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં પોશીના તાલુકાના લાંબડીયાના દક્ષાબેન હોમિયાભાઈ પરમારની ૧૦૮ એમ્બ્યુલન્સે સફળ પ્રસુતિ કરાવી સરાહનીય કામગીરી કરી છે.

વિગત કંઈક એવી છે કે દક્ષાબેન હોમિયાભાઈ પરમારને પ્રસૂતિની પીડા શરૂ થતા તાત્કાલિક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક સાધી લાંબડીયા સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર દરમિયાન હાઈ રિસ્ક ડિલિવરી પેશન્ટ હોવાથી જીએમઆરએસ હિંમતનગર રીફર કર્યું હતું.આ મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર સિવિલ ખાતે જતા રસ્તામાં માતાના વાઈટલ તપાસ કરતા પ્રસૂતિની પીડા વધતા જો પ્રસુતિ ન થાય તો માતા અને બાળકનું જીવન જોખમમાં મુકાય તેમ હતું. આવા સમયે ફરજ પર હાજર ઈ.એમ.ટી ગીતા દામા અને પાયલોટ સુરેશભાઈએ એમ્બ્યુલન્સ માં જ સ્વસ્થ પ્રસૂતિ કરાવી હતી. જેમાં માતાએ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો. સ્વસ્થ બાળકનો જન્મ થતાં માતા દક્ષાબેન હોમિયાભાઈ પરમારે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો આભાર માન્યો હતો.

## ખેડબ્રહ્માના મીઠીબીલી ગામે સર્વ પ્રથમવાર રક્તદાન કેમ્પ યોજાયો

### બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૫ બોટલ રક્ત એકત્રિત કરાયું



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

ખેડબ્રહ્મા તાલુકાના સરહદી અને આદિવાસી વિસ્તારમાં આવેલ મીઠીબીલી ગામે પ્રથમ વખત રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ગામના યુવક-યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૨૫ બોટલ રક્તદાન કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પના સફળ આયોજનમા સ્થાનિક આરોગ્ય કેન્દ્રના અધિકારીશ્રી -કર્મચારીશ્રીઓ, ગામના સ્વયંસેવકો અને યુવા સંગઠનોના સતત પ્રચાર-પ્રસાર અને જાગૃતિ અભિયાનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. જ્યાં રક્તદાન અંગે અજ્ઞાનતા અને ભય જોવા મળતો, ત્યાં આજે લોકોમાં સહયોગી ભાવના અને માનવસેવાના ઊંડા સંકલ્પ સાથે રક્તદાન કરવા આવકાર મળ્યો છે.

આ અવસરે ગામના સજ્જનોએ અને આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓને કૃતજ્ઞતાપૂર્વક વંદન અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રક્તદાન કેમ્પો દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવા અને માનવતાના સંદેશને વ્યાપક બનાવવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય શક્ય બની રહ્યું છે.

### દબાણ કરી રહેઠાણ માટે ઊભા કરી દેવાયલા ઝુંપડા વન વિભાગે હટાવી જમીન ખુલ્લી કરી

## વિજયનગર તાલુકામાં આખરે વન વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરી વાવેતર કરી દીધું



(ગરવી તાકાત) વિજનગર તા.૧૯

વિજયનગર તાલુકાના ધોલવાણી રેન્જના કાર્યક્ષેત્રના ગોલવાડા ગામના સર્વે નં.૦૮ વાળી જંગલ જમીનમાં કેટલાક ઈસમોએ જંગલ જમીનમાં દબાણ કરી રહેઠાણ માટે ઊભા કરી દેવાયલા ઝુંપડા વન વિભાગે હટાવી જમીન ખુલ્લી કરી ચૂસ્ત બંદોબસ્ત સાથે ચોમાસુ વૃક્ષોનું વાવેતર કામગિરિ આરંભી દેવાઈ છે.

વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે નવ અધિકાર - ૨૦૦૬ ના નિયમો અન્વયે દાવા અરજીઓ દાખલ કરેલ હતી જે પૈકી કેટલાક ઈસમોની દાવા અરજીઓ બબ્બે વાર ચકાસણી કર્યા બાદ અગાઉ ના મંજુર કરેલ હતી પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર અગાઉ ના મંજુર કરેલ તમામ દાવા અરજીઓની સેટેલાઈટ ઈમેજના ડેટાઓના આધારે ચકાસણી કરવાનું જણાવતા ગોલવાડા ગામની ૧૭ દાવા અરજીઓ ગીર ફાઉ્ડેશન ગાંધીનગર ની કચેરીના સેટેલાઈટ ડેટાઓ આધારે ચકાસણી કરવામાં આવી હતી જેમાં જિલ્લા સ્તળે વન અધિકાર સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવી હતી જે આધારે ગોલવાડા ગામના દરેક વ્યક્તિઓ ને તેઓની દાવા અરજી અમાન્ય ઠરતાજેની જાણ કરેલ હતી અને જંગલ જમીન પર નું દબાણ દૂર ખસેડી લેવા જણાવેલ હતું પરંતુ દાવેદારો દ્વારા દબાણ દૂર કરવામાં ના આવતા સરકારી યોજનાકીય કામગીરી પૂર્ણ કરવામાં વિલંબ થતો હોઈ યોજનાકીય કામગીરી સમયમર્યાદા માં પૂર્ણ કરવાની બાબતને ધ્યાને રાખી આજરોજ પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ગોલવાડા જંગલ જમીનમાં થી દબાણ દૂર કરી યોજનાકીય કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

### ધો.૧૨ના પરિણામ બાદ માર્કશીટનું વિતરણ

## સાબરકાંઠામાં સામાન્ય પ્રવાહમાં ૦.૭૯% ઘટાડો, વિજ્ઞાન પ્રવાહમાં ૨.૨૫% વધારો



(ગરવી તાકત) હિંમતનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર થયાના ૧૪ દિવસ બાદ આજે માર્કશીટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ વહેલી સવારથી જ માર્કશીટ મેળવવા શાળાઓમાં પહોંચી ગયા હતા.૫ મેના રોજ જાહેર થયેલા પરિણામમાં સાબરકાંઠા જિલ્લાના સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૨.૮૯% નોંધાયું છે. ગત વર્ષે આ પરિણામ ૯૨.૧૦% હતું, જેમાં ૦.૭૯%નો ઘટાડો થયો છે. વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે ૭૮.૩૬%નું પરિણામ આવ્યું છે, જે ગત વર્ષના ૭૬.૧૧% કરતાં ૨.૨૫% વધુ છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના આંકડા મુજબ, સામાન્ય પ્રવાહમાં કુલ ૮,૯૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૩૭ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ, ૫૯૫એ A2, ૧,૭૫૩એ B1, ૨,૫૯૯એ B2, ૨,૨૨૦એ C1, ૯૬૪એ C2, ૭૪એ D અને ૨ વિદ્યાર્થીઓએ E1 ગ્રેડ મેળવ્યો છે. ૭૯૪ વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ થયા છે.

વિજ્ઞાન પ્રવાહમાં ૨,૫૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧ વિદ્યાર્થીએ A1 ગ્રેડ, ૧૦૪એ A2, ૩૦૯એ B1, ૪૪૦એ B2, ૫૦૦એ C1, ૫૧૨એ C2, ૧૩૨એ D અને ૧ વિદ્યાર્થીએ ઈ૧ ગ્રેડ મેળવ્યો છે. ૫૫૭ વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ થયા છે. શાળાઓ દ્વારા માર્કશીટ સાથે LC સહિતના પ્રમાણપત્રો પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા છે.

### રણાસણ નજીક અલ્ટો કારમાં આગ

## શોર્ટ સર્કિટથી કાર બળીને ખાક, ચાલક સુરક્ષિત, 30 મિનિટમાં આગ કાબૂમાં



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસણ નજીક રવિવારે રાત્રે એક અલ્ટો કારમાં અચાનક આગ લાગવાની ઘટના બની. કાર નંબર ય્ત્ન ૦૯ ્૯૭૮૭ના માલિક જીજ્ઞેશભાઈ પટેલ સમયસૂચકતા વાપરીને કારમાંથી બહાર નીકળી ગયા.

આગની જાણ થતાં હિંમતનગર ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ. ફાયર વિભાગે ૩૦ મિનિટના સમયગાળામાં ૨૫૦૦ લીટર પાણીનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવ્યો.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કાર સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગઈ છે.

### યાત્રાધામ અંબાજી શક્તિપીઠમાં શાંતિશ્વર મહાદેવનો ૮૮મો પાટોત્સવ

## ૨૦થી ૨૪ મે સુધી પંચદિવસીય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન : સવારે ૮ થી રાત્ર ૧૧ વાગ્યા સુધી ધાર્મિક કાર્યક્રમો યોજાશે




(ગરવી તાકાત) અંબાજી તા.૧૯

અંબાજી શક્તિપીઠમાં આવેલી કૈલાશ ટેકરી પર બિરાજમાન શ્રી શાંતિશ્વર મહાદેવનો ૮૮મો પંચદિવસીય દિવ્ય શિવ પાટોત્સવ યોજાશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને કૈલાશ ટેકરી ભક્ત મંડળના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પાટોત્સવ ૨૦ મે, ૨૦૨૫થી ૨૪ મે, ૨૦૨૫ સુધી ચાલશે. દરરોજ સવારે ૮ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ માટે મંદિર અને ભક્ત મંડળે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

પાટોત્સવમાં ધર્મધ્વજ પ્રતિષ્ઠા અને શ્રીરામ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શિવ મહાભિષેક ઉપરાંત અંબાજી મંદિરથી કૈલાશ ટેકરી સુધી પોથીયાત્રા નીકળશે. શ્રી ભક્તમાળ સત્સંગ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

૨૪ મે, શનિવારે પાટોત્સવના અંતિમ દિવસે શિવ મહાભિષેક, અન્નકૂટ દર્શન અને મહાપ્રસાદનું આયોજન છે. શ્રીરામ મહાયજ્ઞની પૂર્ણાહુતિ થશે. કૈલાશ ટેકરી મહાત્મ્ય પુસ્તિકાનું વિમોચન કરાશે. મહાનુભાવો અને ભક્તોનું સન્માન કરવામાં આવશે. કથા વિરામ સાથે કાર્યક્રમ સંપન્ન થશે.

### ડીસા-આખોલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો

## ટેન્કરની ટક્કરે બાઈકસવાર બે સગા ભાઈનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું, ગામમાં શોક; પોલીસે તપાસ શરૂ કરી



(ગરવી તાકાત) ડીસા તા.૧૯

ડીસા-ધાનેરા રોડ પર ગતરાત્રે એક ટેક્રર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. આ દુર્ઘટનામાં આખોલ ગામના બે સગા ભાઈએ જીવ ગુમાવ્યો.

ટેક્રરચાલકે બાઈકને ટક્કર મારતાં આ અકસ્માત થયો. બાઈક પર સવાર બાદરસિંહ દરબાર અને જગુભા દરબાર બંનેને ગંભીર ઈજાઓ થઈ. બંને યુવાનએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા.

અકસ્માતની જાણ થતાં ડીસા તાલુકા પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

બે યુવાન ભાઈના અકાળે અવસાનથી આખોલ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે.

Volume : 11 Issue : 36 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002